Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



## શ્રી મહાવીર જયંતિ અંક

### આપણું કર્તવ્ય...નિત્ય દોષોની આલોચના

જીવહિંસા, જુઠું બોલવું, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, આળ દેવું, ચાડી ખાવી, સુખ, દુઃખ, નિંદા, કપટવિદ્યા અને મિથ્યાત્વ શલ્ય–એ અઢાર પાપસ્થાનકમાંહિ જે કાંઈ પાપ સેવ્યું હોય, સેવરાવ્યું હોય કે અનુમોદ્યું હોય તેની હું મન–વચન–કાયાથી ક્ષમા યાચું છું....


| | | |
|---|---|---|
| પુસ્તક : ૯૧ | ચૈત્ર | આત્મ સંવત : ૯૮ |
| 卐 | 卐 | વીર સંવત : ૨૫૨૦ |
| અંક : ૬ | મે-૯૪ | વિક્રમ સંવત : ૨૦૫૦ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | શ્રી મહાવીરસ્વામીનું મંગલ | હિંમતલાલ અનોપચંદ–મોતીવાળા | ૪૯ |
| ૨ | ભગવાન મહાવીર | હિંમતલાલ અનોપચંદ–મોતીવાળા | ૫૦ |
| ૩ | સુદર્શન શેઠ | — | ૫૨ |
| ૪ | અણિકાપુત્ર આચાર્ય | — | ૫૪ |
| ૫ | સંશોધન અને વિદ્યા વિસ્તાર–કચ્છમાં જૈન સાહિત્ય સમારોહ ( અહેવાલ ) | ચીમનલાલ કલાધર તથા ડો. રમણલાલ શાહ | ૫૫ |
| ૬ | હિન્દી વિભાગ | — | — |


**શ્રી જૈન આત્માનંદ સભાના નવા માનવંતા પેટ્રન સભ્યશ્રીઓ...**

૧ શ્રી વસંતરાય ડાયાલાલ શેઠ (વી.ડી.શેઠ) ભાવનગર

૨ શ્રી ચીમનલાલ છોટાલાલ શાહ (ભાવનગરવાળા) નાસિક

૩ શ્રી શેત્રુંજયકુમાર જૈન ન્યુ દીલ્હી

**આ સભાના નવા આજીવન સભ્યશ્રીઓ...**

૧ શ્રીમતિ ભાનુમતી નગીનદાસ શાહ ભાવનગર

૨ શ્રી પરેશકુમાર રાજેન્દ્રભાઇ શેઠ સુરેન્દ્રનગર


૩ શ્રી ચંદુલાલ સી. શાહ સુરેન્દ્રનગર

૪ શ્રી નરેન્દ્રકુમાર લક્ષ્મીચંદ શાહ ભાવનગર

૫ શ્રીમતિ ઈન્દુમતી સુમનરાય મહેતા ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




શ્રી શત્રુંજય મહાતીર્થ (ગિરિરાજ)

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# શ્રી આત્માનંદ પ્રકાશ

સંપાદક : શ્રી હિંમતલાલ અનોપચંદ મોતીવાળા




## શ્રી મહાવીરસ્વામીનું મંગલ


( પ્રભુ જય જય શ્રી મહાવીર—એ રાગ )

જય મંગલ શ્રી મહાવીર, જય મંગલ શ્રી મહાવીર–જય.
નાથ નિરંજન ભવદુઃખભંજન, કર્મ નિકંદન ધીર. જય મં. ૧

વંદન ત્રિશલા નંદન કરીએ, વાસી ચંદન સમ વીર;
અંજન કરજો ચિદ્દ્ઘન સંગી, જ્ઞાનજ્યોતિ જગહીર. જય મં. ૨

ભવ ભય વારક ભવજલ તારક, નિર્યામક ભવ પીર;
અંતરંગ રિપુદલ સંહાર તું. કારક કર્મ સમીર. જય મં. ૩

ઇન્દ્રાદિક સુરવર તુજ ચરણે, ભકતે નમાવે શિર;
**ધર્મ** બાળક અર્પણ કરજો, ચરણ શરણ મહાવીર. જય મં. ૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભગવાન મહાવીર

હિમતલાલ અનોપચંદ મોતીવાળા



जो देवाणवि देवो, जं
देवा पजलि नमं संति ।
तं देव देव महिअं,
सिरशा वदे महावीरं ।।

( જે દેવોના પણ દેવ છે, જેને દેવો હાથ જોડી વંદન કરે છે, તે દેવાધિદેવથી પુજીત ભગવાન મહાવીરસ્વામીને મસ્તક નમાવી હું વંદન કરૂં છું. )

ભગવાન શ્રી મહાવીરનો જન્મ થયો તે કાળે ધરતી પર જીવ માત્ર સંતપ્ત હતા.

એ કાળે મંદિરો માયા અને મદના ધામ બન્યા હતા. યજ્ઞ અને દક્ષિણા એના મુખ્ય કાર્ય બન્યા હતા.

પોતાના પાપો ધોવામાં બીજાનું લોહી રેડવામાં ધર્મ મનાતો હતો. હજારો પશુઓ યજ્ઞવેદિ પર પોતાનો જાન ગુમાવતા અને તેને મારનાર માનતો કે તેઓને સ્વર્ગની પ્રાપ્તિ થશે.

સ્ત્રીઓની સ્થિતિ પણ કફોડી હતી. તેને પરિગ્રહ–માલ સામાનની જેવી સંઘરવાની વસ્તુ મનાતી હતી.

પ્રકૃતિનો પોકાર ગજબનો હતો આત્માઓની આહ અજબ હતી. એ આહ અને પોકારનો પ્રતિધ્વની હોય તેમ આજથી ૨૫૨૦ વર્ષ પૃથ્વીના નરકવાસમાં આપ મેળે અજવાળા થયાં.

વિદેહ રાજ્યની પાટનગરી વૈશાલી ગંડકી નદીને કીનારે આવી હતી. એ નગરીનું એક પરૂ કુંડગ્રામ. ક્ષત્રીય રાજા સિદ્ધાર્થ ત્યાં રહેતા હતા. સત્ય અને અહિંસાના ઉપાસક હતા. ૨૦૦ વર્ષ પહેલા પાર્શ્વનાથ પ્રભુનો અહિંસા ધર્મ પાળતા હતા. તેમના રાણી ત્રીશલા દેવીએ ચૌદ સ્વપ્ન વીર પરમાત્મા ગર્ભાવસ્થામાં હતા ત્યારે જોયા. સ્વપ્ન પાઠકોએ જણાવ્યું કે તમારે ત્યાં સર્વ ગુણ સંપન્ન લોકનાયકનો જન્મ થશે. નવે ખંડમાં તેનું નામ પ્રખ્યાત થશે.

આ સમયે રાજા સિદ્ધાર્થ પાસે ખેડુતો આવી નિવેદન કરે છે, કે કોઈ અકળ કારણોસર જમીનના રસકસ **વર્ધમાન** છે.

ગોવાળીઆઓ કહે છે કે ગાયોના દુધ **વર્ધમાન** છે. વનવાસીઓ કહે છે કે આંબા ઉપર ફળો અનેક ગણા વધુ આવ્યા છે. ફળ ફુલ પુષ્કળ જોવા મળે છે. નાગરીકોમાં સુખાકારી વધતી છે. ઉત્સાહ આનંદ વર્ધમાન છે.

રાણી ત્રીશલા દેવી કહે છે કે " મારા મનમાં પણ અપુર્વ મંગળ થાય છે માટે બાળકનું નામ વર્ધમાન રાખીશું. "

જ્ઞાનના ધણી ગર્ભાવસ્થામાં પણ પ્રભુ હતા. પોતાના ગર્ભાવસ્થામાં હલન ચલનથી માતાને દુઃખ ન પહોંચે એટલે પ્રભુએ હલન ચલન બંધ કર્યું. પણ આથી ત્રીશલા માતાને અકળામણ વધી ગઇ. ગર્ભ સંબંધી શંકા–કુશંકા થવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગી. અને માતા ત્રીશલા આક્રંદ કરતાં મૂર્છિત થઇ ગયા. સમસ્ત રાજ પરિવારમાં ચીંતા અને શોક પ્રસરી ગયો.

પોતાના જ્ઞાન વડે પ્રભુને આ મોહ દશાની જાણ થઈ, કે મેં જે કાર્ય સુખને માટે કર્યું તેનાથી ઉલ્ટું દુઃખ જ ઉત્પન થયું. આથી ફરી હલન ચલન શરૂં કર્યું. તેમણે વિચાર્યું કે માતા પુત્રનો કેવો અજબ પ્રેમ છે. હજુ મારૂં મોઢું જોયું નથી ત્યાં આટલો બધો રાગ?....

આ સમયે પ્રભુએ અભિગ્રહ કર્યો કે માતા પિતાની હાજરીમાં હું પ્રવ્રજ્યા અંગીકાર કરીશ નહી આમ પ્રભુએ માતૃ ભક્તિનો પ્રથમ પાઠ આપ્યો.

ચૈત્ર શુદ ૧૩ હસ્તોત્તરા નક્ષત્રમાં મધ્ય રાત્રીએ વીર પરમાત્માનો જન્મ થયો.

દેવેન્દ્રોએ જળ અભિષેક કરવા અને છપ્પન દિક્કુમારીકાઓ જન્મોત્સવ કરવા આવી ગયા.

પ્રભુ બાલ્યકાળ પસાર કરતાં બાળકો સાથે એકવાર રમત રમતા હતા. તે દરમ્યાન એક ઝાડને સર્પ વિંટળાએલ જોયો. બાળકો બીજા બધા નાસવા લાગ્યા પણ વીર પ્રભુએ પુંછડીથી સર્પને પકડી દુર ફગાવી દિધો.

આ રીતે બચપણમાં નિર્ભયતાનો બીજો પાઠ પ્રભુએ આપ્યો.

એક દેવને પ્રભુની શક્તિની પરીક્ષા કરવા મન થયું. ગામની બહાર બાળકો સાથે ૮ વર્ષની વયે પ્રભુ રમતા હતા ત્યારે આ દેવે રમતા બાળકને છેતરી તેની કાંધ ઉપર બેસારીને વિકરાળ રૂપ ધારણ કર્યું. બીજા બાળકો તો થર થર કંપવા લાગ્યા પણ પ્રભુ બીલકુલ નિર્ભય રહ્યા. જાણે ગજરાજ ઉપર બેઠા હોય તેમ આ પિશાચ રૂપધારી દેવની કાંધ ઉપર નિર્ભયતાથી બેસી દેવના મસ્તક ઉપર જોરથી મુષ્ઠી પ્રહાર કર્યા. આ પ્રહાર સહન ન કરી શકવાથી દેવ પાછો બાળક સ્વરૂપ થઇ ગયો અને લોકો તેને મારવા દોડ્યા. પરન્તુ વીર પ્રભુએ તેને સજા નહી કરવાનું કહ્યું અને પોતાના પાપનું ભાન થાય તે મોટી સજા છે તેમ જણાવ્યું.

તેને માફ કરી છોડી મુકવા સુચવ્યું.

જતાં જતાં દેવે પોતાનું અસલ રૂપ છતું કર્યું અને કહ્યું કે દેવેન્દ્રે જે પ્રશંસા દેવ સભામાં કરી છે તે યથાર્થ છે. ખરેખર આ આત્મા "મહાવીર" છે.

અહિં પ્રભુનું મહાવીર નામ પણ સ્થપાયું.

**કામપુરૂષાર્થ એટલે શું?**

ભારતીય સંસ્કૃતિમાં લગ્નજીવન એ ભોગોને અમર્યાદ રીતે ભોગવવા માટેનું સર્ટીફીકેઇટ નથી,
પરંતુ ભોગોને વિવેકપૂર્વક ભોગવીને ઇચ્છાઓથી ઉપર ઉઠવા માટેનું સાત્વિક બંધન છે.
સંયમ અને સદાચારના લક્ષ્યપૂર્વક ઇચ્છાઓથી ઉપર ઉઠવાનો સમજપૂર્વકનો પ્રયત્ન એટલે કામપુરૂષાર્થ....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સુદર્શન શેઠ



ચંપાપુરીમાં અર્હદ્દાસ અને અર્હદ્દાસી એ ધાર્મિક દંપતી રહેતા હતા તેમને સુદર્શન નામે એક પુત્ર હતો. તે નાનપણથી જ મનોબળીઓ હતો, તેની ટેકમાંથી તેને કોઈ પણ ચલાયમાન કરવા સમર્થ ન હતું. ઉમ્મર લાયક થતાં મનોરમા નામે એક સુશીલ સ્ત્રી સાથે સુદર્શનના લગ્ન થયાં ને ઘરનો કારભાર પણ પોતે સંભાળી લીધો. ગૃહસ્થાશ્રમમાં પુત્રને યોગ્ય જાણીને માતાપિતાએ દીક્ષા લીધી ને આત્મકલ્યાણ સાધ્યું.

તે નગરીના રાજા દધિવાહનને કપિલ નામનો પુરોહિત હતો. તેની સાથે સુદર્શન શેઠને સારી મિત્રતા હતી. એકદા કપિલે પોતાની પત્ની કપિલાને સુદર્શનનો પરિચય આપ્યો અને તેના રૂપ ગુણના ભારોભાર વખાણ કર્યા. તે સાંભળીને કપિલાના મનમાં સુદર્શન વસી ગયો. તેને શેઠના સૌન્દર્યમાં પોતાની રૂપછટાનું મિશ્રણ કરવાના કોડ જાગ્યા, ને યોગ્ય અવસરની એ સુન્દરી રાહ જોવા લાગી.

એકદા કામ પ્રસંગે કપિલ બહારગામ ગયો હતો ત્યારે તે પ્રસંગનો લાભ લેવાનો નિર્ણય કરીને કપિલા સુદર્શન શેઠને ઘેર ગઇ ને કહ્યું કે–'તમારા મિત્રને સખત તાવ આવ્યો છે તે તમને બોલાવે છે.' શુદ્ધ હૃદયના શેઠ તેની સાથે ચાલ્યા ને તેને ઘેર ગયા. શેઠને ઘરમાં લઇને કપિલાએ બારણા બંધ કર્યા. શયનખંડમાં લઈ જઇને કપિલાએ શેઠની પાસે પોતાની પાસે પોતાની લાંબા કાળથી સંઘરી રાખેલી વાસના બહાર મૂકી. મજબૂત મનના શેઠે મનને વધુ મજબૂત બનાવ્યું. કપિલાને સમજાવી–ખૂબ સમજાવી પણ એ કામાન્ધ કામિની ન માની. તેણે શેઠ ઉપર ધસારો કર્યો. શય્યામાં લીધા ને ઉપાય માત્ર કરી છૂટી પણ જ્યારે શેઠના એક રોમમાંયે સ્પન્દ ન થયો ત્યારે તે થાકી. થાકેલી તે સ્ત્રીને શેઠે કહ્યું કે–'તને કોઇકે ભરમાવી છે' મારા જેવા નપુંસકથી તારા અભિલાષ કેમ શમે ? મારા નપુંસકપણાની વાત મેં તને જ કહી છે, તારે બીજે કહેવી નહિ.' ત્યારે તે સ્ત્રીએ પોતે પોતાના દુષ્ટ વર્તનની વાત ગુપ્ત રાખવાનું કહીને શેઠને છૂટા કર્યા.

વસંત ઋતુરાજનું આગમન થયું હતું. નગરના લોકો વસંતોત્સવ ઉજવવા ઉપવનમાં જતા હતા. મહારાણી અભયા પણ કપિલા સાથે બહાર નિકળ્યા હતા. શેઠના પત્ની મનોરમા પણ પોતાના છ પુત્રોને લઇને ઉપવનમાં આવ્યા હતા. તેમને જોઇને કપિલાએ મહારાણીને પૂછ્યું કે 'આ સ્ત્રી કોણ છે? ને આ બાળકો કોના છે?' રાણીએ સુદર્શન શેઠ અને મનોરમા છે એમ કહ્યું ત્યારે કપિલાએ પોતાનું વીતક રાણીને સંભળાવ્યું ને સુદર્શન તો નપુંસક છે એ પણ જણાવ્યું. રાણીએ કપિલાને કહ્યું કે 'સુદર્શન તને છેતરી ગયો.' કપિલાએ વળતો જવાબ આપ્યો કે–'ત્યારે તમે તેને ફસાવો તો માનું કે તમે ખરા છો!'

એકદા પર્વતિથિને દિવસે નગરલોક બધા બહાર ઉજાણી કરવા નિકળ્યા હતા ત્યારે સુદર્શન શેઠ પોસહ લઇને ઘેર રહ્યા હતા. કપટ કરીને રાણી પણ પોતાને બંગલે રોકાણી હતી. એ એકાંતનો લાભ લેવા સુદર્શન શેઠને રાણીએ બળજબરીથી પોતાને ત્યાં બોલાવી મંગાવ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમજુ શેઠે વાતમાં સાર ન જોયો. રાણીયે ઘણું કર્યું પણ શેઠનું રૂવાડું પણ ફરકયું નહિ. શેઠે મૌન લીધું. આખર રાણી હારી. એ નીચ નારીએ છેવટ કોલાહલ કર્યો ને શેઠ ઉપર આળ ચડાવ્યું.

રાજસભામાં શેઠને પકડી મંગાવ્યા ને હકીકત પૂછી, ત્યારે શેઠ મૌન રહ્યા એટલે આરોપને સાચો ઠરાવી તેમને શુળીની શિક્ષા ફરમાવવામાં આવી.

જ્યારે અખંડ બ્રહ્મચારી સુદર્શન શેઠને શુળી પર ચડાવવામાં આવ્યા ત્યારે નજીકમાં રહેલા દેવોએ શુળીને બદલે ત્યાં સોનાનું સિંહાસન કરી દીધું. રાજા ત્યાં આવ્યો ને આશ્ચર્યચકિત થઇ ગયો. શેઠને મહોત્સવપૂર્વક ઘેર મોકલ્યા. સદા વૈરાગી શેઠે સંયમ લીધું ને નિર્મલ ચારિત્ર મહારાજાની સેવા કરી, કર્મ ખપાવીને સિદ્ધિના શાશ્વત સુખને વર્યા. સદા જય હો! મહાબ્રહ્મચારી શેઠ સુદર્શનનો. સૌને હૈયે વસજો એ શેઠ જેવા વ્રતના દૃઢ પરિણામ ને નિર્મળ અરમાન....

卐

卐



# સુખી લોકોનું લક્ષણ

સુખી લોકોનું એક લક્ષણ હોય છે....તેઓ થાક ન લાગે તોય આરામ કરી શકે છે. ભૂખ ન લાગી હોય તોય તેઓ ખાતા રહે છે. તરસ ન લાગી હોય ત્યારે પણ સરબત પીવાની ટેવ ખબર ન પડે એમ પડી જાય છે. કોઇ ખાસ આપત્તિ વગર પણ તેમનો મુડ બગડી જાય છે કયારેક કારણ વગર ટેન્શન રહે છે. પૂરતી ટાઢ ન હોય તોય સૂટ પહેરવાનું જરૂરી બને છે.

કદાચ આ કારણે જ સમાજના કેટલાય લોકોને ભૂખ લાગે ત્યારે ખાવા મળતું નથી. આરામની જરૂર હોય ત્યારે ઢસડબોળો કરવો પડે છે. નિરાંતની પળોમાં આ વિચારવા જેવું છે....

**-ગુણવંત શાહ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અર્ણિકાપુત્ર આચાર્ય :—

ઉત્તર મથુરાથી દેવદત્ત નામનો એક વાણીયો કમાવા માટે દક્ષિણ મથુરા ગયો. ત્યાં જયસિંહ સાથે મૈત્રી થઇ. કાળક્રમે તેની બેન અર્ણિકા સાથે દેવદત્તના લગ્ન થયા. અતિ વૃદ્ધ માતાપિતાના સમાચારથી ન છૂટકે દેવદત્ત ત્યાંથી પોતાના ગામ તરફ ચાલ્યો. માર્ગમાં અર્ણિકાએ એક બાળકને જન્મ આપ્યો, ને અનુક્રમે ઘેર આવ્યા. દેવદત્તના માતાપિતાએ એ બાળકનું નામ 'સંધીરણ' પાડયું પણ લોકો તો તેને અર્ણિકાપુત્ર તરીકે બોલાવવા લાગ્યા. યૌવન વયે તેણે જયસિંહસૂરિ પાસે દીક્ષા લીધી. ભણીગણીને આગળ વધતા તેઓ ગચ્છાધિપતિ બન્યા.

અર્ણિકાપુત્ર આચાર્ય એક વખત ગંગા નદીને કાંઠે પુષ્પભદ્રપુરમાં પરિવાર સહિત પધાર્યા. ત્યાં પુષ્પચૂલ રાજા અને પુષ્પચૂલા રાણી હતા કે જેઓ આમ તો ભાઇ-બહેન હતા પણ તેમના પિતા પુષ્પકેતુએ બંનેને પરસ્પર સ્નેહવશ પરણાવ્યા હતા, ને તે કાર્ય તે બંનેની માતા પુષ્પવતીને રૂચ્યું ન હતુ તેથી તેણે દીક્ષા લીધી હતી ને તપ તપીને સ્વર્ગમાં દેવ થઇ હતી. તેણે પોતાના સંતાનના પ્રતિબોધ માટે રાણીને સ્વપ્નમાં સ્વર્ગ નરક દેખાડ્યા. તે સ્વપ્નોનું યથાર્થ વર્ણન અર્ણિકાપુત્ર આચાર્ય મહારાજે કર્યું ત્યારે રાણીને વૈરાગ્ય થયો ને તેણે રાજાની ઇચ્છાનુસાર ત્યાં જ રહેવાની કબૂલાત પૂર્વક દીક્ષા લીધી.


આચાર્ય મહારાજ વૃદ્ધાવસ્થાને કારણે ત્યાં જ રહેતા હતા. એક સમયે જ્ઞાન બળે ભવિષ્યમાં દુકાળ પડવાનો છે જાણી તેમણે ગચ્છને ત્યાંથી વિહાર કરાવ્યો ને પોતે ત્યાં જ રહ્યા. તે વખતે પુષ્પચૂલા સાધ્વીજી તેમને આહારપાણી લાવી આપતા હતા. ત્રિકરણ યોગે વિશુદ્ધભાવે ભક્તિ કરતાં સાધ્વીજીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છતાં ભક્તિ તો ચાલુ જ હતી. એક દિવસ જ્યારે તેઓ વરસતે વરસાદે ગોચરી લઇને આવ્યા ત્યારે આચાર્ય મહારાજે પૂછયું કે તમે આમ શા માટે કર્યું ? એક દિવસ આહાર ન વાપર્યો હોત તો કાંઇ થાત નહિ પણ તમે અપકાયની વિરાધના શા માટે કરી ? ત્યારે સાધ્વીજીએ કહ્યું કે કે-આપ કહો છો તે બરાબર છે પણ આપની આ ગોચરી અંગે અપકાયની વિરાધના થઇ નથી. અચિત્ત જળ વરસતું હતું. સૂરિ મહારાજે પૂછયું કે-તમે એ શાથી જાણ્યું ? સાધ્વીજીએ કહ્યું કે જ્ઞાનથી. એ સાંભળી આચાર્ય મહારાજ એકદમ ઉભા થઇ ગયા ને ખેદ કરવા લાગ્યા કે ધિક્કાર છે મને કે મે કેવળીની આશાતના કરી તેની પાસે ભક્તિ કરાવી. કેવળી સાધ્વીએ આશ્વાસન આપ્યું ત્યારે તેમણે પૂછયું કે મને કેવળ ક્યારે થશે ? સાધ્વીજીએ કહ્યું કે ગંગા નદી પાર કરતાં આપને કેવળજ્ઞાન થશે.

એક વખત આચાર્ય મહારાજ ઘણા લોકો સાથે નાવમાં બેસી ગંગા પાર કરતા હતા. ત્યારે તેમની પૂર્વભવની સ્ત્રી વ્યંતરી થઇ હતી તે તેમના પ્રત્યેના દ્વેષથી તેમને ડુબાડવા માટે જ્યાં સૂરીજી બેઠા હતા તે ભાગને નમાવવા લાગી. આચાર્ય મહારાજ ત્યાંથી ઉઠીને બીજે બેઠા ત્યારે તે ભાગ નમી ગયો. જ્યાં જ્યાં આચાર્ય મહારાજ બેસે ત્યાં ત્યાં નાવ ઉંધી વળવા લાગે. જ્યારે વચમાં બેઠા ત્યારે તો આખી નાવ જ ડુબવા લાગી. છેવટે કંટાળીને લોકોએ આચાર્ય મહારાજને ઉંચકીને ગંગામાં નાખ્યા. ત્યાં તે વ્યંતરીએ વિકુર્વેલા શૂળ ઉપર આચાર્યશ્રી પડ્યા ને ખખડી ગયેલા તેમના શરીરમાંથી લોહી વહેવા લાગ્યું. તે સમયે પોતાથી આ રીતે અપૂકાયની વિરાધના થાય છે તે પશ્ચાત્તાપ કરતા તેઓ ક્ષપકશ્રેણીએ ચડ્યા અને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું, અંતકૃત્ કેવળી થઇ મોક્ષે સિધાવ્યા. દેવોએ આવી મહોત્સવ કર્યો. લોકોએ ત્યાં પ્રયાગ તીર્થ વસાવ્યું. તેમની વજ્ર ઋષભ સમી કાયા ત્યાંથી તણાતી-ખેંચાતી ગંગાને કાંઠે એક બખોલમાં જઇને ભરાઇ ગઇ ત્યાં તેમની ખોપરીમાં એક પાટલ વૃક્ષનું બીજ પડયું ને તેનું મોટું ઝાડ થયું એ ઝાડનો મૂળ જીવ એકાવતારી કહેવાય છે. નૈમિતિકોના કહેવાથી ઉદાયી રાજાએ ત્યાં શુભ મુહૂર્તે "પાટલી પુત્ર" નગર વસાવ્યું.

વન્દન હો એ મહાજ્ઞાની આચાર્ય ભગવંત શ્રી અર્ણિકાપુત્ર સૂરિ મહારાજને.... 卐

For Private And Personal Use Only

કચ્છમાં જૈન સાહિત્ય સમારોહ સાનંદ સંપન્ન થયો



# સંશોધન અને વિદ્યા વિસ્તાર–જૈન સાહિત્ય સમારોહનો ઉદ્દેશ

અહેવાલ : **ચીમનલાલ કલાધર** તથા
**ડૉ. રમણલાલ શાહ**

"જૈન ધર્મમાં જ્ઞાનનો મહિમા ઘણો બતાવાયો છે. જ્ઞાન એ જીવ માત્રનું લક્ષણ છે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ એવા નિગોદના જીવોમાં પણ અક્ષરના અનંતમાં ભાગ જેટલું જ્ઞાન અવશ્ય હોય છે. જ્ઞાનની આવી નિમ્નતમ કોટિથી 'જે એગં જાણઇ, તે સવ્વં જાણઇ; જે સવ્વં જાણઇ, તે એગં જાણઇ.' સુધીની જ્ઞાનની અનેક વિધ ભૂમિકાઓ છે. જ્ઞાન અથવા વિદ્યાનો આવો અપાર મહિમા હોવાથી એની આરાધના વિવિધ રૂપે થતી આવી છે. વાણીના માધ્યમ દ્વારા ભૂતકાળમાં થઇ ગયેલા અનેક મહાત્માઓના, બુદ્ધ પુરુષોના, તીર્થંકરોના અનુભવ વચનોનો સુમંગળ વારસો આપણને સાંપડ્યો છે. એ વારસાને શોભાવવાનું કર્તવ્ય મનુષ્ય માત્રનું છે. જૈન સાહિત્ય સમારોહ એ સાંપ્રદાયિક કે સંકુચિત દૃષ્ટિથી શરૂ નથી કરાયો પરંતુ જૈનો પાસે અઢળક સાહિત્ય અને કલાનો વારસો છે તેને વ્યવસ્થિત કરવાનો તથા તેના અભ્યાસીઓને પ્રોત્સાહિત કરવાનો આ પ્રયાસ છે. આ સમારોહ યોજવા પાછળનો ઉદ્દેશ જ્ઞાનની ઉપાસના અને ધર્મ તથા તત્ત્વદર્શનની પ્રવૃત્તિને વેગ આપવાનો છે. અગાઉ વર્ષો સુધી ગુજરાતી સાહિત્ય પરિષદમાં એક જૈન સાહિત્યનો વિભાગ રહેતો. કેટલાક વર્ષોથી હવે એ વિભાગ નથી. જૈન સાહિત્યને તેની વિશિષ્ટતા છે. તેની સમૃદ્ધિ અખૂટ છે, અમૂલ્ય છે સૂરત, વડોદરા, અમદાવાદ, પાટણ, ખંભાત, લીંબડી, જેસલમેર અને અન્ય સ્થાને જૈન સાહિત્યની વીસ લાખ કરતાંય વધુ હસ્તપ્રતો છે. તેનું સંશોધન હાથ ધરાય તો પાંચસો વર્ષ સુધી ચાલી શકે એટલું કામ છે. કમનસીબે આ સંશોધન કાર્ય કરનાર વિદ્વાનો અલ્પસંખ્યક છે. આવા સાહિત્ય સમારોહથી પ્રેરાઇને કોઇને રસ પડે તો રાસ, ફાગુ, પ્રબંધ, સ્તવન, સજ્ઝાય વિગેરેમાંથી કોઇ પણ એક સાહિત્ય પ્રકાર ઉપર સંશોધન કરી શકે એટલી અઢળક સામગ્રી છે. અલગ જૈન સાહિત્ય સમારોહ યોજવા પાછળ સંશોધન અને વિદ્યા વિસ્તારનું જ લક્ષ્ય છે."

મુંબઇની ખ્યાતનામ શિક્ષણ સંસ્થા શ્રી મહાવીર જૈન વિદ્યાલય દ્વારા કચ્છના કોડાય ગામ પાસે નિર્માણ પામેલા નૂતન જૈન તીર્થ સ્થળ બોતેર જિનાલય મધ્યે યોજાયેલ બારમા જૈન સાહિત્ય સમારોહમાં આ કાર્યક્રમની પૂર્વ-ભૂમિકા સમજાવતા સમારોહના અધ્યક્ષ વિદ્વદ્વર્ય ડૉ. રમણલાલ ચી. શાહે પોતાના વક્તવ્યમાં ઉપર પ્રમાણે જણાવ્યું હતું. આ સાહિત્ય સમારોહ તા. ૧૯, ૨૦, ૨૧, માર્ચ ૧૯૯૪ના રોજ યોજવામાં આવ્યો હતો.

સમર્થ જૈનાચાર્ય શ્રી ગુણોદયસાગરસૂરિજી મહારાજની નિશ્રામાં ગુજરાત રાજ્યના કાયદો, ન્યાય અને ગ્રામવિકાસ ખાતાના મંત્રી શ્રી નવીનચંદ્ર શાસ્ત્રીએ દીપ પ્રગટાવી આ સાહિત્ય સમારોહનું ઉદ્ઘાટન કર્યું હતું. કાર્યક્રમનો પ્રારંભ આચાર્યશ્રીના માંગલિકથી થયો હતો. જિનાગમ ટ્રસ્ટના ચેરમેન શ્રી વસનજી લખમશી શાહે સ્વાગત પ્રવચન કર્યું હતું.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડો. રમણલાલ ચી. શાહે જૈન સાહિત્ય સમારોહની ભૂમિકા સમજાવી હતી. પૂ. મુનિશ્રી દેવરત્નસાગરજી, જિલ્લા કલેકટર શ્રી પુનમચંદ પરમાર અને શ્રી નવીનચંદ્ર શાસ્ત્રીએ પ્રાસંગિક પ્રવચનોમાં કચ્છની ધરતી પર જૈન સાહિત્ય સમારોહ યોજવા બદલ આનંદ વ્યક્ત કરવાની સાથે આયોજકોને ધન્યવાદ આપ્યા હતા. શ્રી જોહરીમલ પરિખે વર્તમાન સમયે સબળ નેતૃત્વની આવશ્યકતા પર ભાર મૂકયો હતો. આ પ્રસંગે કચ્છના વિદ્વાન અધ્યાપક પંડિતવર્ય શ્રી ઉપેન્દ્રરાય વોરાનું અભિવાદન કરવામાં આવ્યું હતું. ઉપેન્દ્રભાઈનો પરિચય વિદ્વાન ધારાશાસ્ત્રી અને જૈન ધર્મના અભ્યાસી શ્રી નેમચંદ ગાલાએ પોતાની લાક્ષણિક શૈલીમાં આપ્યો હતો. કચ્છ રચનાના તંત્રી ભવાનજી ગાલાએ ઉપેન્દ્રભાઇના સન્માનની ભૂમિકા સમજાવી હતી. પ્રા. તારાબહેન શાહે અને જયંતીલાલ જોશી-શબાએ ઉપેન્દ્રભાઈ જેવા સમર્થ વિદ્વાન અધ્યાપકનું સન્માન કરવા બદલ આયોજકોને અભિનંદન આપ્યા હતા. ઉપેન્દ્રભાઇના સન્માન પત્રનું વાચન શાંતિભાઈ ગડાએ કર્યું હતું. એ પછી સુખડની માળા દ્વારા નવીનચંદ્ર શાસ્ત્રીએ અને શાલ તથા શ્રીફળ દ્વારા વસનજી લખમશી શાહે ઉપેન્દ્રભાઇનું સન્માન કર્યું હતું. ચાંદીની ફ્રેમમાં કલાત્મક રીતે મુદ્રિત થયેલા સન્માન પત્રની અર્પણ વિધિ ડો. રમણલાલ શાહના વરદ્ હસ્તે થઇ હતી. ઉપેન્દ્રભાઇએ ટૂંકુ છતાં સુંદર ઉદ્બોધન કર્યું હતું. શ્રી કલ્યાણજી નાવલા-ઉર્મિલે પોતાની આગવી શૈલીથી કાર્યક્રમનું સુંદર સંચાલન કરી સૌને મંત્ર મુગ્ધ બનાવ્યા હતા.

આ સાહિત્ય સમારોહની ત્રણ બેઠકો મળી હતી. જેમાં જૈન ધર્મ, સાહિત્ય, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, કલા, શિલ્પ સ્થાપત્ય વગેરે વિષયોના વિદ્વાનોએ પોતાના અભ્યાસપૂર્ણ પેપર્સ રજૂ કર્યા હતા. સાહિત્યની આ ત્રણે બેઠકોનું સંચાલન લેખક અને પત્રકાર શ્રી ચીમનલાલ કલાધરે કર્યું હતું.

પ્રથમ બેઠકમાં સાધ્વી શ્રી મોક્ષગુણાશ્રીજી, મુનિ શ્રી નવરત્નસાગરજી, સાધ્વી શ્રી કલ્પગુણાશ્રીજી, જયેન્દ્રભાઇ શાહ, પ્રા. મલૂકચંદ શાહ, પ્રા. કાંતિભાઇ શાહ, ડો. કોકિલા બહેન શાહ અને હંસા બહેન શાહે પોતાના નિબંધો રજૂ કર્યા હતા.

દ્વિતીય બેઠકમાં ગોવિંદજી લોડાયા, પ્રા. અરુણભાઇ જોશી, પ્રા. ઉત્પલા મોદી, ડો. કનુભાઇ શેઠ, ઉષા બહેન મહેતા, ડો. કીર્તિદા જોશી, હસમુખ શાહ, ડો. ધવલ ગાલા અને પ્રકાશ વોરાએ પોતાના લેખો રજૂ કર્યા હતા.

તૃતીય બેઠકમાં ડો. રમણભાઈ શાહ, પ્રા. તારાબહેન શાહ, જોહરીમલ પારેખ, પ્રા. જયંતભાઈ કોઠારી, નેમચંદ ગાલા, ડો. બળવંત જાની. ડો. કલાબહેન શાહ, પ્રા. દેવબાળાબહેન સંઘવી, ચીમનલાલ કલાધર, સુદર્શના કોઠારી અને ડો. શિલ્પા ગાલાએ પોતાના નિબંધો રજૂ કર્યા હતા.

જૈન સાહિત્ય સમારોહની પૂર્વ સંધ્યાએ કલ્યાણજી સાવલા-ઉર્મિલના સચાલન હેઠળ કવિ સંમેલન યોજાયું હતું જેમાં બાર જેટલા કવિઓએ ભાગ લીધો હતો.

મુંબઈ, અમદાવાદ, રાજકોટ, ભાવનગર, કચ્છ, જોધપુર વિગેરે સ્થળોના અનેક વિદ્વાનોએ આ સાહિત્ય સમારોહમાં હાજરી આપી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# हिन्दी विभाग



## आशीर्वाद

अत्यन्त प्रसन्नता का विषय हैं कि श्री जैन आत्मानंद सभा, भावनगर की ओर से प्रकाशित मासिक पत्र 'श्री आत्मानंद प्रकाश' में हिन्दी विभाग का प्रारंभ हो रहा है।

'श्री आत्मानंद प्रकाश' पिछले ९१ वर्ष से निरंतर प्रतिमास प्रकाशित होता आ रहा है। पंजाब देशोद्धारक, महान ज्योतिर्धर न्यायाम्भोनिधि आचार्य श्रीमद् विजयानंदसूरीश्वरजी महाराज के नाम से प्रकाशित होनेवाला गुजराती भाषा का यह एक मात्र मासिक पत्र है।

यह गुजराती भाषा में प्रकाशित होता है। इसलिए अब तक इसका लाभ केवल गुजराती भाषी को ही मिलता था और गुजरात तक ही सीमित था। अब गुजराती के साथ हिन्दी विभाग प्रारंभ होने से हिन्दी भाषी कोगों को भी इसका लाभ मिल सकेगा। हिन्दी राष्ट्र भाषा है और सम्पूर्ण देश में बोली व समझी जाती है। हिन्दी विभाग छपने से इसका कार्यक्षेत्र भी विस्तृत हो जाएगा।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गुरु आतम की स्मृति में स्थापित 'श्री जैन आत्मानंद सभा' सौ वर्षों से जैन धर्म, समाज और साहित्य का कार्य कर रही हैं। गुरु आतम के नाम से जितनी भी संस्थाएं भारत में चल रही है उय में यह संस्था सबसे पुरानी है। सभाने जैन धर्म के साहित्य की महान सेवा की है। ज्ञान का प्रचार और प्रसार ही इस सभा का प्रमुख उद्देश रहा है और अपने इस उद्देश्य की पूर्ति में सभा को बहुत बडी और आश्चर्य जनक सफलता मिली हैं। इसका सम्पूर्ण श्रेय सभा के कर्मठ, समर्पित और निस्वार्थ कार्यकर्ताओं को जाता है।

हिन्दी विभाग के प्रकाशन के साथ ही सभा अपने कार्यक्षेत्र का विस्तार कर रही है। सभा को अपने उद्दश्यों की पूर्ति में सफलता प्राप्त हो। वह अधिक से अधिक उन्नति और प्रगति करती रहें। यही मेरा आशीर्वाद और मंगल कामना है।

# श्री जैन आत्मानंद सभा, भावनगर का इतिहास

हिमतलाल अनोपचंद मोतिलाल
मंत्री,
जैन आत्मानंद सभा

यावच्चंद्र दिवाकरौ हि
गगने स्वीयप्रभारौ।
यावद्भूः शुभतीर्थ चैत्य सहिता
प्रोद्भासते धर्मतः ॥
यावद् वीर जिनस्य वग्
विलसति श्री धर्मतत्वान्विता।
आत्मानंद सभा स्वसम सहिता
तावच्चिरं जीयताम् ॥

जब तक आकश में सूर्य और चंद्र प्रकाशित होते रहेंगे। जब तक यह भूमि जैन तीर्थो और चैत्यां सहित धर्म से उज्ज्वल होती रहेगी। और जब तक धर्मतत्व से युक्त भगवान महावीर की वाणी विलसित होती रहेगी तब तक यह आत्मानंद सभा अपने पदाधिकारियों के साथ चिरकाल पर्यन्त जयवन्त होती रहें।

वि. सं. १९३३ में विश्ववंद्य विभूति, न्यायाम्भोनिधि आचार्य श्रीमद् विजयानंद सूरीश्वरजी म. ने भावनगर में चातुर्मास किया था। चातुर्मास में उनके असीम ज्ञान एवं प्रकांड पांडित्य का लाभ भावनगर को मिला था। उस समय भावनगर के प्रबुद्ध श्रावकों में जैन धर्म, दर्शन, इतिहास, साहित्य और संस्कृति के प्रति अद्भुत आकर्षण जागृत हुआ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



था । फलस्वरूप पूज्य गुरुदेव आचार्य श्रीमद् विजयानंद सूरीश्वरजी महाराज के स्वर्गवास के बीस दिन के बाद ही उनकी पुण्य स्मृति में 'श्री जैन आत्मानंद सभा' की स्थापना हुई ।

सर्व प्रथम इस सभा का उद्घाटन पूज्य मुनि श्री गंभीर विजयजी म. की तारक निश्रा में एक भव्य शोभायात्रा पूर्वक शहर के एक किराए के मकान में दि. १३-६-१८९६ के दिन हुआ था । सभा के इस उद्घाटन समारोह में विश्व विख्यात विद्वान श्री वीरचंद राघवजी गांधी भी उपस्थित हुए थे ।

श्री जैन आत्मानंद सभा का प्रमुख ऊद्देश ज्ञान का प्रचार और प्रसार था । इसके अन्तर्गत सामूहिक अध्ययन, संस्कृत भाषा क्लास, वक्तृत्व शिक्षा, पुस्तकालय और ग्रन्थ प्रकाशन आदि विविध प्रवृत्तियां प्रारंभ हुई ।

धीरे धीरे सभा का विकास होता गया । कुछ व्यक्तियों को इसका संरक्षक बनाया गया । कुछ को वार्षिक और कुछ को आजीवन सदस्य बनाया गया ।

वि. सं. १९६३ श्री जैन आत्मानंद सभा ने शहर के मध्य में अपना स्वयं का भव्य भवन निर्मित किया । इस निर्माण के साथ ही यह जैन साहित्य का प्रमुख केन्द्र बन गया ।

इस सभा को अनेक आचार्य एवं मुनि भगवंतों का आशीर्वाद प्राप्त हुआ हैं । जिन में प्रमुख है–

१ मुनि श्री गंभीरविजयजी म.
२ पंजाब केसरी, युगवीर आचार्य श्रीमद् विजय वल्लभसूरीश्वरजी म.
३ प्रवर्तक मुनि श्री कांतिविजयजी म.
४ मुनि श्री हंसविजयजी म.
५ मुनि श्री चतुरविजयजी म.
६ मुनि श्री संपतविजयजी म.
७ आगम प्रभाकर मुनि श्री पुण्यविजयजी म.
८ मुनि श्री भक्तिविजयजी म.
९ मुनि श्री जम्बूविजयजी म. आदि ।

इस सभा के पुस्तकालय विभाग में

(क) दुर्लभ आगम ग्रन्थ
(ख) प्राकृत और संस्कृत के ग्रन्थ
(ग) हिन्दी, अंग्रेजी और गुजराती के ग्रन्थ
(घ) वैदिक ग्रन्थ
(ड) हस्तलिखित प्रतें
(च) शिल्प शास्त्र के ग्रन्थ आदि कुल मिलाकर प्राचीन और अर्वाचीन २५,००० (पच्चीस हजार) पुस्तकें है ।

हस्तलिखित दुर्लभ ग्रन्थों की सुरक्षा के लिए लोहें की अलमारियां और लकडी की पेटियां है जिन में प्रत्येक प्रत को कपडे में लपेट कर सुरक्षित किया गया है ।

सभा ने आज तक हजारों पुस्त कें विभिन्न भारतीय भाषाओं में प्रकाशित की हैं । कई ग्रन्थों के अनुवाद भी प्रकाशित हुए हैं । आज तक यह प्रकाशन कार्य अविराम चल

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



रहा हैं । भविष्य में कई दुर्लभ पुस्तकें प्रकाशित करने की सभा की योजना हैं ।

इस सभा के द्वारा 'श्री जैन आत्मानंद प्रकाश' मासिक पत्र १९५९ से निरंतर प्रकाशित हो रहा है । जिसमें विद्वान लेखकों, साधु भगवंतों और साध्वीजी महाराजों के लेख प्रकाशित होते हैं ।

प्रति वर्ष चैत्र सुदि एकम के दिन सभा के सभी सदस्य बसों द्वारा श्री सिद्धाचलजी की यात्रा करने के लिए जाते है और वहां स्थित पूज्य श्री विजयानंद सूरि म. की मूर्ति की अंग रचना कर पूजा पढाते है । शाम के समय सहधर्मी वात्सल्य किया जाता है ।

ई स. १९९५ में इस सभा के सौ वर्ष पूर्ण होंगे । इस शताब्दी का प्रारंभ हमने दि. १२-२-९४ को परम पूज्य प्रातःस्मरणीय आचार्य श्रीमद् विजय इन्द्रदिन्नसूरीश्वरजी म. की पावन निश्रा में भावनगर में किया है ।

# कोटि कोटि वंदन

विश्ववंद्य विभूति, महान ज्योतिर्धर नवयुग निर्माता, न्यायाम्भोनिधि आचार्य श्रीमद् विजयानंद सूरीश्वरजी म. की स्वर्गारोहण शताब्दी के पावन उपलक्ष्य में शत्रुंजय गिरिराज पर स्थित गुरु आतम की देहरी के जर्णोद्धार एवं पुनः प्रतिष्ठा

एवं

वर्तमान गच्छाधिपति, परमार क्षत्रियोद्धारक, चारित्र चूडामणि, जैन दिवाकर श्रीमद् विजय इन्द्रदिन्न सूरीश्वरजी महाराज के वर्षीतप पारणा महामहोत्सव पर कोटि...कोटि... वंदन ।

—श्री जैन आत्मानंद सभा, भावनगर


## ★ श्री आत्मानंद प्रकाश (मासिक) ★

— स्वयं पढिए औरों को भी पढाइए । —

★ गुरु आतम की पवित्र स्मृति में ९१ वर्ष से निरंतर प्रकाशित ।

★ हिन्दी और गुजराती दोनों भाषाओं में प्रकाशित

★ जैन धर्म इतिहास और साहित्य की उत्तम पठनीय सामग्री से भरपूर ।

★ गुरुदेवों के प्रेरक प्रवचन, द्रष्टांत और समाचार

श्री आत्मानंद प्रकाश पढिए और जीवन को संस्कारी, प्रेरक और सम्यग्ज्ञान से युक्त बनाइए

● आजीवन सदस्य शुल्क रु. 250/ ●

संपर्क– श्री आत्मानंद प्रकाश ० श्री जैन आत्मानंद सभा, खारगेट, भावनगर-३६४००


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्री वीरचंद राघवजी गांधी की जन्म स्थली : महुवा में संक्रांति समारोह

सौराष्ट्र की ऐतिहासिक नगरी महुवा श्री बीरचंद राघवजी गांधी की जन्म स्थली है। पंजाब देशोद्धारक 'विश्ववंद्य विभूति, महान ज्योतिर्धर, न्यायाम्भोनिधि आचार्य श्रीमद् विजयानंद सूरीश्वरजी महाराज की प्रेरणा से ई. सन. १८९३ में चिकागो में हुई विश्व धर्म परिषद में जैन धर्म के प्रतिनिधि बनकर श्री वीरचंद राघवजी गांधी गए थे। जैन धर्म को सर्व प्रथम विश्व रंगमंच पर रखनेवाले वेही थे।

पिछले वर्ष ही इस चिकागो विश्व धर्म परिषद की शताब्दी पूर्ण हुई। इस प्रसंग पर महुवा के इस वीर सपूत को समग्र जैन समाज ने भावपूर्ण श्रद्धांजलि अर्पित की। महुवा में उनकी चिर स्मृति के लिए 'श्री वीरचंद राघवजी गांधी चौक' और एक स्टेच्यू की स्थापना की गई।

श्री वीरचंद राघवजी गांधी के स्टेच्यू के अनावरण समारोह ऐवं संक्रांति उत्सव के लिए महुवा श्री संघ की पिछले पांच महिनों से परमार क्षत्रियोद्धारक, चारित्र चूडामणि, जैन दिवाकर, पूज्य गुरुदेव आचार्य श्रीमद विजय इद्रदिन्नसूरीश्वरजी महाराज को सेना में बिनती हो रही थी।

पूज्य गुरुदेव सादडी श्री संघ द्वारा आयोजित चातुर्मास एवं गिरिराज की नव्वाणु यात्रा पूर्ण करवा कर भावनगर पधारे। यहां श्री जैन आत्मानंद सभा की शताब्दी का शुभारंभ एवं दो संक्रांति समारोहों को निश्रा प्रदान कर भावनगर से विहार कर श्री महावीर जैन विद्यालय, तलाजा, दाठा, त्रापज, अलंग आदि श्री संघों को लाभ देते हुए दि. १०-४-९४ को महुवा में पधारे।

दि. १०-४-९४ को पूज्य गुरुदेव का महुवा में भव्य नगर प्रवेश हुआ। पूरा महुवा और महुवा के आस-पास के गांव के श्रावकगण भी पूज्य गुरूदेव की इस स्वागत शोभा यात्रा में सम्मिलित हुए।

दि. १३-४-९४ को कार्यदक्ष आचार्य श्रीमद् विजय जगच्चंन्द्र सूरीश्वरजी महाराज आदि ठाणा ६ बम्बई से उग्र विहार करके पूज्य गुरुदेव की सेना पहुंच गए। पूज्य गुरूदेव को उन्होंने उनके वर्षीतप के तपश्चर्या की सुखशाता पृच्छा की और ठाणा-बम्बई में सम्पन्न हुई भव्य और ऐतिहासिक अंजनशलाका-प्रतिष्ठा महोत्सव के समाचारों से अनगत कराया।

दि. १४-४-९४ को श्री वीरचंद राघवजी गांधी के स्टेच्यू का अनावरण एवं संक्रांति समारोह सम्पन्न हुआ। प्रातः ६-३० बजे पूज्य गुरुदेव एवं आचार्य श्रीमद् विजय जग-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



च्चन्दसूरिजी महाराज तथा उपाध्याय श्री वीरेन्द्र विजयजी महाराज आदि ठाणा चतुर्विध श्री संघ के साथ उपाश्रय से प्रस्थान करके वाजे-गाजे के साथ नगर के मध्यस्थित "श्री वीरचंद राघवजी गांधी चौक" में पधारे यहां पूज्य गुरुदेव का वासक्षेप ग्रहण कर परम गुरु भक्त श्री रघुवीरकुमार जैन ने अपने कर कमलों से श्री वीरचंद राघवजी गांधी के स्टेच्यू का अनावरण किया । उनके अनावरण करने के साथ ही गुरुदेवों के जय-कारों के साथ आकाश गुंज उठा । पूज्य गुरुदेव ने यहां सभी को मांगलिक सुनाया । अनावरण कर्ता संक्रांति भक्त श्री रघुवीर कुमार जैन ने श्री संघ महुवा को पच्चीस हजार रुपए के अनुदान देने की घोषणा की ।

इस कार्यक्रम के बाद पूज्य गुरुदेव चतु-र्विध श्री संघ के साथ श्री वीरचंद राघवजी गांधी के घर चरण डालने के लिए पधारे । पूज्य गुरूदेव एवं बाहर से आए गुरुभक्तों ने श्री वीरचंद राघवजी गांधी की पुरानी वस्तुओं का अवलोकन किया । पूज्य गुरुदेव ने उनके परिवार को मांगलिक सुनाया और आशीर्वाद दिया ।

प्रातः ७-३० बजे उपाश्रय के विशाल होल में पूज्य गुरुदेव के मंगलाचरण के साथ ही संक्रांति समारोह के कार्यक्रम का प्रारंभ हुआ । महुवा में सर्व प्रथमबार पूज्य गुरुदेव का आगमन हुआ था । इसलिए संक्राति भी पहली बार यहां आयोजित हो रही थी । संक्रांति भक्तों के अतिरिक्त महुवा, भावनगर दाठा, त्राज आदि कई स्थानों से भक्तगण बडी संख्या में इस समारोह में सम्मिलित हुए थे ।

अपने प्रारंभिक वक्तव्य में उपाध्याय श्री वीरेन्द्रविजयजी महाराज ने कहा कि जिस भूमि पर आज हम पूज्य गुरुदेव की निश्रा में उपस्थित हुए हैं । वह भूमि अत्यन्त पावन पवित्र और पुण्यशाली महान पुरुषों की जन्म-स्थली है । इसका प्राचीन नाम मधुपुरी है । शत्रुंजय की पंचतीर्थी में महुवा का भी स्थान है । शत्रुंजय महातीर्थ के सोलह उद्धार हुए है उनमें एक उद्धार जावडशा का हैं । वे जावडशा इसी महुवा के रत्न थे । काशीवाले धर्मसूरि आचार्य श्री नेमिसूरिजी महाराज तथा श्री वीरचंद राघवजी गांधी भी इसी मिट्टी के सुगंधित पुष्प थे, जिन्होंने संसार में सर्वत्र अपनी मनमोहक व्यक्तित्व और कार्य की सुगंध फैलाई थी ।

कार्यदक्ष आचार्य श्रीमद् विजय जगच्चन्द्र सूरीश्वरजी महाराज ने अपने प्रवचन में कहा कि जिस स्थान पर महापुरुषों का जन्म होता है वह स्थान पावन, पवित्र और प्रेरक बन जाता हैं । महापुरुष किसी एक स्थान के न होकर सारे विश्व के बन जाते हैं । इस महुवा नगर पर हमें गौरव और अभिमान है । इस भूमि से ऐसे-ऐसे रत्न पैदा हुए हैं जिन्हों ने संसार को नयी प्रेरणा और नयी दिशा दी थी आज सम्मेद शिखरजी तीर्थ का विवाद चल रहा है । एक समय था जब श्री वीरचंद राघवजी गांधी ने अंग्रेज सरकार

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मे लडकर श्री सम्मेद शिखर तीर्थ को श्री आनंदजी कल्याणजी पेढी को सौंपा था। इसको उन्हे लंदन जाकर केस लड़ना पडा था। आज फिर उस तीर्थ पर संकट के बादल छाए हैं। आज फिर हमें एक श्री वीरचंद राघवजी गांधी की आवश्यक्ता है।

पूज्य गुरुदेव ने अपने आशीर्वाद उद्‌बोधन में कहा कि जैन धर्म का सिद्धान्त है कि मनुष्य जन्म से नहीं, कर्म से महान बनता है। मनुष्य के जन्म का नहीं, किन्तु उसके कर्म का महत्व है मनुष्य निस्वार्थ भाव से लोगों का परोपकार करता है. कुछ एसा विशिष्ठ कार्य करता है जो सदियों तक जीवित रहता हैं तो उस मनुष्य का जन्म भी महान बन जाता हैं और जिस नगर में उसका जन्म होता है वह गांव या नगर भी दर्शनीय बन जाता है। महुवा इसीलिए आज सभी का दर्शनीय स्थल और ऐतिहासिक भूमि बना हुआ है। यहां जिन महान पुरुषों ने जन्म लिया उन्होंने संसार के उपकार का कार्य किया है। जावडशाह, वीरचंद राघवजी गांधी, आचार्य श्री धर्मसूरि और आचार्य श्री नेमिसूरिजी महाराज जैन इतिहास के प्रकाशित नक्षत्र है। उनका महान जीवन और कार्य हम सभी के लिए प्रेरक और मार्गदर्शन रुप है।

इस समारोह में सादडी से आए परम गुरुभक्त कवि श्री विमलचंद रांका ने अपने भावपूर्ण गित प्रस्तुत किए।

इस प्रसंग पर नवरंगपुरा, अहमदाबाद श्री संघ की ओर से श्री ललितभाई कोलसावाला, कृष्णनगर श्री संघ की ओर से श्री चंपकभाई ने पूज्य गुरुदेव से चातुर्मास की आग्रहपूर्ण विनती की। श्री संघ मांजलपुर, बडौद की ओर से भी चातुर्मास की विनती की गई।

संक्रांति भजन के बाद पूज्य गुरुदेव ने स्तोत्रपाठ, मांगलिक एवं संक्रांति नाम सुनाकर सभी को वासक्षेप दिया।

पूज्य गुरुदेव महुवा से विहार कर उना अजारा तीर्थ के दर्शनार्थ पधारे हैं। दि. १३-५-९४ शुक्रवार को उनके वर्षी तप का पारणा शत्रुंजय महातीर्थ की पावन भूमि पर होगा। जिसकी भव्य तैयारियां चल रही हैं।

★

जो हम स्वयं के लिए चाहते है वह दूसरों के लिए नहीं सोचते। हमें दुःख प्रिय नहीं, आलोचना सहन नहीं, किन्तु दूसरों को दुःख देने में मजा आता है। दूसरों की निंदा में रस आता है। कैसी बिडम्बना है महारे स्वभाव की ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# सुप्रसिद्ध कथाकार मुरारि बापू गुरुदेव के दर्शनार्थ

महुवा । यहां दि. १४–४–९४ को संक्रांति के दिन मध्यान्ह २–०० बजे गुजरात के विख्यात राम कथा वाचक श्री मुरारिबापु पूज्य गुरूदेव के दर्शनार्थ जैन उपाश्रय में आए । वे कथावाचन के अपने अति व्यस्त कार्यक्रम में से समय निकाल कर पूज्य गुरुदेव के चरणों में उपस्थित हुए थे ।

उन्होंने सौराष्ट्र, महुवा में पूज्य गुरुदेव के पदार्पण पर अत्याधिक प्रसन्नता व्यक्त की और उनके इस उम्र में वर्षीतप करने पर भूरि भूरि अनुमोदना एवं सुखशाता–पृच्छा की उन्होंने कहा कि जैन साधु लोग जितनी महान तपस्या, त्याग और कठोर संयम का पालन करते है उतना अन्य कोई नहीं करता न कर सकता हैं ।

दोनों ने विविध विषयों पर बातचीत की ।

# सम्मेद शिखर तीर्थका विवाद आपसी बातचीत से सुलझाना चाहिए ।

—पूज्य गुरुदेव

महुवा । यहां दि. १४–४–९४ को आयोजित संक्रांति समारोह में सम्मेद शिखर तीर्थ विवाद के विषय में अपने विचार व्यक्त करते हुए पूज्य गुरुदेव ने कहा कि सम्मेद शिखर तीर्थका विवाद आपसी बातचीत के माध्यम से सुलझाना चाहिए । श्वेताम्बरों और दिगम्बरों को परस्पर लडने के बजाय स्नेह, सद्भाव और सौहार्द पूर्ण वातावरण बनाकर इस विवाद का आपस में बैठकर हल निकाल लेना चाहिए । यदि वे दोनो लडेंगे तों सरकार हस्तक्षेप करेंगी और तीर्थ न श्वेताम्बरों के हाथ में रहेगा न दिगम्बरों के । उनके आपस में लडने से जो स्थिति केसरियाजी तीर्थ एवं अंतरिक्ष तीर्थ की हुई हैं वह स्थिति सम्मेद शिखर की भी होगी ।

प्रारंभ से यह तीर्थ श्वेताम्बरों के हाथ में रहा है । दिगम्बर जैन बेवजह इसमें हस्तक्षेप कर रहे है । दिगम्बरों को चाहिए कि वे श्वेताम्बरों को अपना भाई समझे न कि दुश्मन । आज का युग समन्वय का युग हैं इस तरह के विवाद से जैन एकता को खतरा उत्पन्न हो सकता है ।

सम्मेद शिखर तीर्थ को सरकारी कुद्रष्टि से बचाना आवश्यक हैं । समस्त भारत के श्वेताम्बररों को एकत्र होकर अपने तीर्थंकरों की निर्वाण भूमि की किसी भी उपाय से रक्षा करनी चाहिए ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૂ. મુનિશ્રી ન્યાયવિજયજી કૃત

## " કલ્યાણ ભારતી "માંથી સાભાર.....

- તને ઇશ્વરમાં શ્રદ્ધા છે અને કર્મના સિદ્ધાંતને તું જાણે છે માટે દુઃખ આવતા તું વિષાદગ્રસ્ત ન થા....

- કષ્ટ કે સંકટો આવતા તું અધીરો ન થા અને સન્માર્ગથી ચલિત ન થા સન્માર્ગ પર અડગ રહીશ તો તારા આવરણો ( અંતરાયો ) નષ્ટ થતાં જશે અને તું હંમેશને માટે સુખી થઇશ....

- માનસિક નબળાઇને કાઢી નાખ મનને સ્થિર તથા દઢ બનાવ. અહિં અને આગળ સુખી થવા માટે સત્કર્મના માર્ગે વિહર....

- સદાચરણી માણસોની દુઃખી હાલત અને દુરાચરણીઓની સુખી હાલત જોઇ ખોટો વિચાર બાંધીશ નહિ અને સત્યની મહત્તા વિષે શંકાશીલ થઇશ નહિ....

## શોકાંજલિ

તા. ૧-૫-૬૪

મહારાજા મેડીકલ હોલવાળા શ્રી મનુભાઇ ચંપકલાલ ધ્રુવ (ઉંમર વર્ષ ૭૦) ભાવનગર મુકામે તા. ૩૦-૪-૬૪ ને શનિવારના રોજ સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. ધાર્મીક વૃત્તિવાળા અને મીલનસાર સ્વભાવના હતા અને દરેક ધાર્મીક પ્રવૃતિમાં ખૂબ જ આગળ પડતો ભાગ દરેક રીતે લેતા હતા. તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ દુઃખમાં અમો ઉંડી સમવેદના પ્રગટ કરીએ છીએ. તેઓશ્રીના આત્માને પરમ શાન્તિ મળે એવી પરમકૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

લી.

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર**

For Private And Personal Use Only



# જીવનની સંધ્યા

જીવનની સંધ્યા આવી ગઇ છે અને હજુ સુધી દીપક પ્રગટાવ્યો નથી? જેમ સાંજ પડે, રાત પડે તે પહેલાં દીવો પ્રગટ કરવો પડે છે તેમ જીવનની સંધ્યા આવી અને તે ઉપર મૃત્યુરૂપ અંધકાર ફરી વળે તે પહેલા આત્મ-જ્ઞાન, આત્મસાધનારૂપ જીવનમાં દીવો પ્રગટાવી લેવાની જરૂર છે, ધર્માચરણ કરવાની જરૂર છે, જેથી મૃત્યુ પછી ઉર્ધ્વગતિ મળે.... ધર્મરૂપી દીવો નહિ પ્રગટાવ્યો હોય તો ગાઢ કર્મરૂપી અંધકારમાં નરક નીગોદ કે તીર્યંચ ગતિમાં ચાલ્યો જઇશ.

આપણે મંદિરના ઘંટ થઇને જીવવું છે, જે સાંભળી લોકો જાગે અને ઇશ્વર ભક્તિમાં લાગે.

સંકલન : **શ્રી હરિભાઇ એમ. શાહ**

BOOK-POST

પ્રતિ,

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
C/o શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઇટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : સાધના મુદ્રણાલય, દાણાપીઠ પાછળ, ભાવનગર